3/-

# શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

પાના ૧૨

સૂર્યોદય - ૦૬.૦૨.૧૫
સવંત - ૨૦૭૯
જેઠ વદ-૦૨, સોમવાર
તા. ૦૫-૦૬-૨૦૨૩
સૂર્યાસ્ત - ૦૭.૧૧.૨૮

વર્ષ-૫ • અંક-૫૭ • સળંગ અંક - ૧૫૪૮ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**કોડાય**ના **નિર્મળાબેન નાનજી ગડા** ઉ.વ. ૭૬ ટુંકી માંદગીથી તા. ૨-૬ના અવસાન પામ્યા છે. માતુશ્રી ભાણબાઈ ચનાભાઈ દેવજીના પુત્રવધુ. નાનજીના પત્ની. કમલેશ, ગીરીશ, હર્ષા, દક્ષાના માતાજી. જસ્મી, સુમન, નિતીન, મનિષના સાસુ. ભવાનજી, જેઠાલાલના ભાઈપત્ની. ભચીબાઈ શામજી, તલવાણાના કંકુબેન શીવજીના ભાભી. કોડાયના મણીબેનના દેરાણી. ધ્રુવીલના દાદી. ભાવેન, નીલ, હસ્તી, દેવપુરના સ્નેહા ચિરાગના નાની. દુર્ગાપુરના લક્ષ્મીબેન શામજી ધારશીના પુત્રી. ભરત, જયંતીલાલ, મોખાના કસ્તુર લક્ષ્મીચંદના બેન. જયાબેનના નણંદ. રાયણના સુશીલા મણીલાલના કાકી. મોટા આસંબીયાના નાનબાઈ વસનજી, કોડાયના ડો. કલ્યાણજી, ભાઈલાલ, મણીલાલ, ઝવેરીલાલ, તલવાણાના ધનસુખલાલ, ધીરજલાલ, પારસના મામી. દુર્ગાપુરના રાજેશ, ધીરેન, બિદડાના કવિતા સંદીપના ફોઈ. કોડાયના ભાવિકા સતીષ, ભરુડીયાના દિપાલી પ્રફુલના માસી. પ્રાગપુરના ધનવંતી ગીરીશ, રાજસ્થાનના રમાદેવી ધનાલાલ, નાંગલપુરના વેજબાઈ મગનલાલ, કારાઘોઘાના પાનબાઈ ઉમરશીના વેવાણ. દેવપુરના હર્ષા મહેન્દ્રના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. કમલેશ ગડા, ૪૦૧, શિવ પેરેડાઈઝ, તિલકનગર, ખાનકર લેન, ડોંબીવલી (પૂર્વ) ૪૨૧૨૦૧. કમલેશ-૯૮૧૯૦૬૧૦૨૨, હર્ષા-૮૦૮૨૧૭૪૬૧૯.

4/1/1 --------- (1-1)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**સુ-મતિ ગ્રુપ-મુલુંડ (ઈ.) ૯૮૨૦૦૫૨૯૩૬**

### (JYF) જૈન યુથ ફોરમ
### સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે કોઈને હિંસાકારી ઉપદેશ આપવો નહીં. (પોતાને અને બીજાને અહિંસાના ભાવ પાળવા)

- સામાહિક પચ્ચખાણ : (૦૪-૦૬ થી ૧૦-૦૬) નદી તળાવ દરીયા સ્વીમીંગ પુલમાં તરવા જવું નહીં. (પાણીના જીવોની જતના કરવા).
- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(22) --------- (A-4372)(1-2)

### ફક્ત રૂપીયા ૬૫૦માં

કચ્છની દેશી ગાયનું હાથ વલોણાનું શુધ્ધ ઘી ફ્રી હોમ ડીલીવરી સાથે. બીજોરાનું અથાણું કાઠીયાવાડનાં ક્રીસ્પી ખાખરા જામનગરની કચોરી અને ફરસાણ A2 ગીર ગાયનું શુધ્ધ ઘી. કો. કાશ્મીરા છેડા-લાયજા. 9773984876.

4/1/1(21) --------- (B-4375)(1-3)

## શૈક્ષણિક

### જ્ઞાનરૂપી દિપક એટલે સોનગઢ રત્નાશ્રમ

જ્ઞાનરૂપી દિપક આત્માને અજવાળે છે અને જ્ઞાન પણ શ્રધ્ધા, વિવેક, સદાચારથી સુશોભિત હોય છે. ત્યારે ઉરના અંધારા સંપુર્ણ પણે ઉલેચાઈ જાય છે. ગામ : પ્રતાપુર-અંધેરી વેસ્ટના શ્રીમતી પ્રજ્ઞાબેન જયેન્દ્ર વીરાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી ખુબ જ અનુકરણીય કાર્ય કર્યું. જ્યાં સમાજના ૪૯૬ જેટલા બાળકો કોઈ પણ જાતના લવાજમ વગર સ્વસ્થ અને સંસ્કારીય તાલીમ લઈ રહ્યા છે. લિ. પરેશ છેડા-કારોબારી સભ્ય-પ્રાગપુર-૯૩૨૪૮૫૪૧૧૭.

4/1/1(1) --------- (A-4267)(1-4)

### CA ચિ.હિતભાઈ ને જન્મદિવસ ના વધામણાં
### સોનગઢ રત્નાશ્રમ

પ. પૂ.બાપાશ્રીની સતત અમીદ્રષ્ટિ રત્નાશ્રમ પ્રત્યે રહી છે. તેની અનુભૂતિ આજની રત્નાશ્રમ ની પ્રગતિ અને કાર્યવાહી છે. તેમની શક્તિ, સાહસ અને પુરુષાર્થ ની આ ભૂમિ ચમત્કારી બની ગઈ અને આજે ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.આ બધા થી વાકેફ ગામ- બિદડા / બોરીવલી ના CA ચિ.હિત મનોજ સાવલા ના તા.૨૩.૫.૨૦૨૩ ના રોજ ૨૭ માં જન્મદિવસ પ્રસંગે હસ્તે શ્રી જખ્ખુભાઈ વેલજી સાવલા (જખ્ખુમામા) એ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂ. ૧૧૦૦૦/- નું અનુદાન આપીને અહીં અભ્યાસ કરી રહેલ ૪૯૬ વિદ્યાર્થીઓના શિક્ષણરૂપી જ્યોતને પ્રજ્વલ્લિત રાખેલ છે. સોનગઢ રત્નાશ્રમ પરિવાર દાતા પરિવારની અનુમોદના કરે છે તેમજ આપ પણ સોનગઢ રત્નાશ્રમ વિદ્યાદાતા યોજનામાં લાભ લઈ શકો છો. લિ.હિરલ શાહ-ભૂ.વિ.મંડળ સભ્ય-નાના ભાડીયા-૯૮૧૯૯૯૩૩૨૧.

4/1/1(17) --------- (A-4361)(1-5)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

### તા. ૫ જુન-સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

સુપુત્ર ચિ. હાર્દિક અને ડો. નીશીના લગ્ન પ્રસંગે અ.સૌ. વિમલા જયંત સુરજી મારૂ (બિદડા-માટુંગા બી.બી.) તરફથી.

- માતુશ્રી માનબાઈ નાગજી વીરા (દેવપુર)નાં સ્મરણાર્થે હસ્તે પ્રવિણ વીરા એસોસીએટસ (થાણા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન, કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(8) --------- (A-4289)(1-6)

ૐ હ્રીં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ

## શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
## શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

**'ઘાટકોપરમાં ગુરૂ નિશ્રાએ સ્તવન હરિફાઈ યોજાઈ, શ્રી દેવચંદ્ર ચોવીસીના સ્વાધ્યાયે આતમ પાવન કરાય'...**

પ્રગટ પ્રભાવી શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના દરબારે અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞા-આશિષે માતૃહૃદયા પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. હિતગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી સંઘમાં 'શ્રીમદ દેવચંદ્ર ચોવીસી કંઠસ્થ અભિયાન'નું આયોજન કરવામાં આવેલ...

આ અભિયાનની સ્પર્ધાનું આયોજન તા. ૧/૬/૨૦૨૩ ગુરૂવારના બપોરે ૨.૩૦ ક. શ્રી સંઘમાં પ.પૂ. મૌનગુણાશ્રી મ.સા., પ.પૂ. ભવ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાઓની નિશ્રામાં કરવામાં આવેલ.

આ સ્પર્ધા ત્રણ તબક્કામાં યોજવામાં આવેલ જેમાં ઘણા ભાગ્યશાળીઓ જોડાયેલ. સર્વેએ ખૂબ સરસ તૈયારી કરેલ.

**સ્પર્ધામાં ભાગ લેનાર સર્વેની ખૂબ ખૂબ અનુમોદના...**

**ત્રણે તબક્કામાં વિજેતા બનેલ ભાગ્યશાળીઓની નામાવલી**

**પ્રથમ રાઉન્ડ (૧, ૬, ૧૬, ૨૨, ૨૩, ૨૪ સ્તવન)**
1st Rank = કસ્તુરબેન મેઘજી સાવલા (મોથારા – ઘાટકોપર)
2nd Rank = સુશીલાબેન નાનજી દેઢીયા (ગઢશીશા-વડાલા) • ઉપાબેન રાજેન્દ્ર મોમાયા (નલીયા-ઘાટકોપર)

**દ્વિતીય રાઉન્ડ (૨, ૫, ૯, ૧૩, ૨૦, ૨૧ - સ્તવન)**
1st Rank = પ્રભાબેન વ્રજલાલ બૌઆ (નાની તુંબડી-માટુંગા) • કુંજલ તેજસ નાગડા (મલાડ)

**તૃતિય રાઉન્ડ (સંપૂર્ણ ૨૪ સ્તવન)**
1st Rank = લક્ષ્મીબેન નરેન્દ્ર ગડા (મોટા રતાડીયા– ઘાટકોપર)

**સર્વે વિજેતાઓને ખૂબ ખૂબ ખૂબ અભિનંદન...**

આ સંપૂર્ણ જ્ઞાનયજ્ઞનો લાભ લેનાર ઉદારદિલ દાતાશ્રી

**શ્રીમતી પરીતાબેન તુષાર ગોગરી હ. અયન, ઝલક હીના બ્રેઝન ગોગરી, નીર્વી શ્રેતા નેવીલ ગોગરીની અનુમોદના...**

સમ્યગ જ્ઞાનની જ્યોત સદા ઝળહળતી રહે અને જ્ઞાનપ્રાપ્તિમાં બહોળી સંખ્યામાં સૌ જોડાય એ શુભેચ્છા... લિ. માનદ્ મંત્રીઓ

## મહિલા સંસ્થા સમાચાર

### કચ્છી મહીલા ફેડરેશન, અષાઢી બીજ પ્રોગ્રામ પાસ-આઈકાર્ડ વિતરણ, આજે

કચ્છ જી વાણી, મીં જી પધરામણી. જીગીશા રાંભીયાના ગીત સંગીતની સરગમ. ૧૨ જુન સોમ, બ. ૨.૩૦ ક. શિવાજી નાટ્ય મંદિર, દાદર (વે.) નાસ્તો તો ખરો જ.

- KMF ના મેમ્બરો માટે ફ્રી પાસ વિતરણ (રૂા. ૧૦૦ રીફંડેબલ) આજે સાંજે ૪ થી ૬માં કાર્યાલય C/o. ભારતીબેન નવિન ગંગર, ૪૬૧/સી, પ્રભાસ્મૃતિ બિ., ગ્રા. ફ્લોર, ના.શા.ની બાજુમાં, માટુંગા.
- સભ્યપદ રજીસ્ટર અપડેટ ચાલુ છે. ટીકીટ લેવા આવનાર દરેકે પોતાનું સંપુર્ણ પોસ્ટલ એડ્રેસ મો.નં. લખી લાવવું.
- જે મંડળોનું અપડેટ બાકી હોય તેમણે લઈ આવવું. જેમના આઈકાર્ડ બાકી હોય તેમણે મેળવી લેવા.
- કચ્છી પહેરવેશ સહ સંવાદમાં સિંગલ અથવા જોડીમાં ભાગ લઈ સમાજલક્ષી સંદેશ આપવો. મેમ્બરો એન્ટ્રી ફ્રી. (રૂા. ૨૦૦ રીફંડેબલ) નોન મેમ્બર રૂા. ૨૫૦/- (૧ ટીકીટ + નાસ્તો) નામો ૫ જુનના નોંધાવવા ફરજીયાત. લિ. મંત્રીઓ.

4/1/1(14) --------- (A-4364)(1-7)

### શ્રી ટોડા સાહેલી મંડળ

ગામની બહેનો અને વ્હાલી નિયાણી બહેનો ચાલો બચપણને વાગોળવા-રાણીબાગમાં, નવા રીનોવેશન થયેલ-નવા પક્ષીઓ, પ્રાણીઓ સાથે જુની યાદો તાજી કરવા તા. ૯ જુન શુક્રવારે ૨ વાગે રાણીબાગના ગેટ પાસે ભાયખલા. ચા-નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જલદીથી તા. ૬ સુધી નામ લખાવવા. પેન, પાણી સાથે લાવવા. ગેસ્ટ ચાર્જ : રૂા. ૨૦૦/- ૧૨ વર્ષથી નીચેના બાળકો માટે ચાર્જ રૂા. ૧૫૦/-. સંપર્ક : (૧) શીતલ ગાલા-૯૮૩૩૫૮૫૭૫૮ (૨) નયના ગાલા-૯૭૦૨૨૮૫૨૫૨. લિ. મંત્રીઓ.

4/1/1(15) --------- (A-4363)(1-8)

**ખબર પત્રિકામાં જાહેરાત આપનાર જોગ**
**અગત્યનું નીવેદન**

જાહેરાતો અનુકુળતા મુજબ
**૨ થી ૩ દિવસ**
આગળ પાછળ છપાશે.
જેની નોંધ લેવા સૌને નમ્ર વિનંતી.

લી. માનદ્ મંત્રીઓ
**સંયુક્ત ખબર પત્રિકા સમિતી**

# જીવદયા અનુદાન

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

૧૧૦૦૦ રૂ. એક વરસ માટે ૧ ગાય દત્તકની યોજનાનો લાભ લો. પાંજરાપોળની વિશેષતાઓ :

- રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત.
- ૧૪૯ વર્ષ જુની સંસ્થા
- સ્વચ્છ-પારદર્શક વહીવટ
- અંદાજે ૩૦૦૦ પશુઓની સાર-સંભાળની ક્ષમતા
- સવાર-સાંજ નવકાર મંત્ર-ગાયત્રી મંત્રની ધુન
- દરેક ઋતુને અનુકુળ આવાસો
- સુકા ઘાસ સંગ્રહ માટે મોટા ગોડાઉનો
- દિવસે-દિવસે ખર્ચમાં વધારો થતો જાય છે. સર્વ જીવદયાપ્રેમીઓને યથાશક્તિ ઉદાર દિલે જીવદયા અનુદાન આપવા નમ્ર વિનંતી.
- સંપર્ક : દિનેશ દેઢીયા-૯૮૩૩૬૬૦૨૫૫, પ્રદીપ સાવલા-૯૮૨૦૧૩૯૫૪૦.

4/1/1(1) -------- (A-4358)(2-1)

**શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે**
**દાન માટે સંપર્ક : મુંબઈ-૮૭૭૯૯૩૦૬૯૦**

૧૩૫૦૦/- વાત્સલ્યમૂર્તી, જીવદયાપ્રેમી ગામ ભુજપુરના માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી લખમશી દેઢીયા (હીંગવાલા)ની પરપૌત્રી, શ્રીમતી નીતાબેન દિનેશ પ્રેમજી દેઢીયાની પૌત્રી અને શ્રીમતી મુક્તિ મીત દિનેશ દેઢીયાની કુળદિપીકા લાડલી ચિ. હીયાના પ્રથમ જન્મ દિવસ તા. ૦૫-૦૬-૨૦૨૩ની ખુશાલીમાં (એક વર્ષ પુર્ણ થતાં) મુંગા, અબોલા, પશુઓને અડધી ગાડી ઘાસચારો માટે અનુદાન મળેલ છે. ખુબ ખુબ અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(2) -------- (A-4359)(2-2)

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)**

૭૫૦૦/- નિર્મળાબેન દામજી રાંભીયા-ર. ગણેશ, ૭૫૦૦/- સ્વ. ચુનિલાલ હિરજી સંગોઈ-કપાયા હ. ગંગાબેન હિરજી, ૭૧૦૧/- ક્રિષ્ના મહિલા મંડળ-લાલપુર, ૬૭૧૦/- ઉમંગ મહેન્દ્રભાઈ શાહ-પુનડી, ૬૫૦૦/- દેવશી મુરજી ગાલા-મનફરા, ૬૬૦૦/- રામજી અમૃતજી ઠાકરડા-ઈડટ, ૬૦૧૯/- દિપ અને દર્શન રમાણીના જન્મદિવસ પ્રસંગે ભેટ-બિદડા, ૫૭૪૯/- પાલુભાઈ સમાણી-માંડવી (હાલ-મુંદ્રા) દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, મંત્રીઓ. ટે. 9004646044 / 66153404 / 24712835.

2/1/1(3) -------- (A-4240)(2-3)

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યે નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ટ્રસ્ટ રજી નં A2898 (Mumbai),
ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

### સામાન્ય સમિતિની બંધારણ સુધારા માટેની ખાસ સભાની નોટીસ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સામાન્ય સમિતિ (આજીવન દાતા સભ્ય, ઉપદાતા સભ્ય, મુરબ્બી સભ્ય, ઉપમુરબ્બી સભ્ય, સહાયક સભ્ય, ઉપ સહાયક સભ્ય, આજીવન સભ્યો તથા સામાન્ય સભ્ય)ની સભા

**રવિવાર, તા. ૧૧-૬-૨૦૨૩ના સવારે ૯.૦૦ કલાકે**

શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન સંચાલીત શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસરવાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.), મુંબઈ- ૪૦૦ ૦૭૭ મધે મળશે.

**ઉપરોક્ત દરેક શ્રેણીના સભ્યોને સમયસર અવશ્ય પધારવા અને સવારના ૮ થી ૯ દરમ્યાન નવકારશીનો લાભ આપવા વિનંતી.**

**:: કાર્યસુચી ::**

બંધારણ સમિતિ દ્વારા સુચીત સુધારેલ બંધારણને મંજુરી આપવા બાબત.

હાલમાં આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/- અને વ્ય. સમિતીના કાયમી સભ્ય ફી રૂા. ૧૦,૦૦૧/- ભરીને સભાસદ બની શકાય છે. જે સૂચિત બંધારણ અમલમાં આવેથી અનુક્રમે રૂા. ૫૦૧/- અને રૂા. ૨૧૦૦૧/- થશે.

માનદ્ મંત્રીઓ - જતીન મોરારજી છેડા, પ્રવીણ ટોકરશી લોડાયા, પ્રકાશ નેમીચંદજી સિંઘવી, જયંતકુમાર ચીમનલાલ સંઘવી ના

બહુમાન પૂર્વક જય જિનેન્દ્ર

(*253) K.V.O. - P - 8104209392

## શ્રી અરિહંત ખીચડી ઘર

### જન સેવા એજ પ્રભુ સેવા

**દરરોજ સવારે નાયર હોસ્પિટલમાં ૭.૩૦ વાગે ૩૦૦ થી વધારે દર્દીઓના સગાવાલાઓને ચા, ફ્રુટ અને ગરમ નાસ્તો આપવામાં આવે છે.**

**આપ કોઈ પણ નાની મોટી રકમ આપી ને આ કાર્યમાં અમારી મદદ કરી શકો છો.**



(CLB-4296)

### શ્રી અરિહંત કૃપા ફાઉન્ડેશન

મરીન ડ્રાઈવ, મુંબઈ

| રાજેશ સાવલા | કલ્પેશ સંગોઈ | રમેશ દેઢિયા |
|---|---|---|
| 8080550688 | 8767579692 | 9920207971 |

SHREE ARIHANT KRUPA FOUNDATION
HDFC BANK CA No.: 50200067168550
IFSC - HDFC0001357
80G Tax Benefit Available
Receipt Contact - 9820000070

K.V.O. - P - 8104209392

**'ઈન્ટીરીયરના કામ માટે'**

કોલેજ કોચીંગ કલાસીસ સ્કુલ વગેરેનું ઈન્ટીરીયર કામ તથા લેબોરેટરી કામના ફરનીચરને માટે વર્ષો જુના અનુભવી મેડલ એન્ટરપ્રાઈઝ બી/૪૫ આકુરલી ઈન્ડસ્ટ્રીયલ સ્ટેટ, આકુરલી રોડ, નીયર બીગ બજાર, કાંદીવલી -ઈસ્ટ - 28850506 / 7. મેહુલભાઈ શાહ : 8291717020.

2/1/1(2) -------- (B-2552)(2-4)

**Cash and Carry is old But Now**

Carry and Cash... only at Mahavir Saree Santacruz-W. તમારી જુની સાચી જરીની સાડી હવેના જનરેશન માટે old Fashion થઈ ગઈ છે. અને તમારા Wardrobમાં ખોટી જગ્યા રોકે છે માટે તેને વેંચી Carry and Cash કરો

- સાચી જરીની સાડી
- સાચી જરીના ચણીયા-ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર
- સાચી જરીના સેલા તથા બ્લા
- સાચી જરીની બટકસબ તથા આરી વર્કની સાડી તથા ચણીયા- ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરના ચંદરવા-પોઠીયા
- Carry at our shop and Take Cash
- એક વખત અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત તમારા માટે કાયમી સંભારણું બની જશે.
- Free Home Visit any Where any Time only one call મહાવીર સારીઝ, મોદી ચાલ, Shop No-2, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ - (W) Opp. "SEASONS" શો-રૂમ (SUNDAY CLOSED) M.: 9137146272, 9619554801.

2/1/1(5) -------- (B-4093)(2-5)

**WORLD માં દવા મોકલવા**

વિદેશમાં રહેતા સગા વ્હાલાઓને ભારતના ફેમિલી ડોક્ટરની જ દવા અસર કરે છે USA, UK, Dubai કે અન્ય દેશોમાં Medicine મોકલવા માટે અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Free Pick Up Service PAC n DELIVER, M–8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(7) -------- (B-4054)(2-6)

**કેસર કેરી ! ઉર્વી ફાર્મ ! કેસર કેરી !**

કચ્છ ગઢશીશા ઉર્વી ફાર્મની ઓર્ગેનિક કેસર કેરી મુંબઈમાં ઉપલબ્ધ પેકીંગ 5 Kg. (Rs. 750) માટુંગા, ઘાટકોપર : રશ્મી દેઢીયા-9699585272, મુલુંડ : જ્યોતિ નાગડા-9323801911, થાણા : ઝરના શાહ-9920550313.

4/1/1(6) -------- (B-4049)(2-7)

**મેડીક્લેઈમ પોલીસી**

ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ પોલીસી ૫ લાખ થી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫બ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે. વધુ વિગત માટે દિલીપભાઈ : ૯૧૩૬૬૨૧૨૨૭ ૯૩૨૧૫૫૪૫૩૨.

4/1/1(4) -------- (N-4176)(2-8)

**શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ**

કારાઘોઘાના SSC, ICSE, CBSE, HSC (ધોરણ ૧૦ અને ૧૨) અને ઉચ્ચ અભ્યાસમાં ઉત્તિર્ણ થયેલ તમામ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને શ્રી કારાઘોઘા મુંબઈ મહાજનના હૃદયપૂર્વકના અભિનંદન સહ આપના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા. લિ. શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન.

4/1/1(16) -------- (A-4362)(2-9)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ.... શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ....

# શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

આવ્યો છે અવસર તમ ઘરે રળિયામણું... બંધાયું છે તમ આંગણે રૂડુ પારણિયું...
હર્ષ ઉલ્હાસનું સમાજમાં બંધાયું તોરણિયું...

## શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન આપે ખીર વધાયું...


પૂજા મિહીર નાગડા

### ચિ. માયરા
It's a Girl
જન્મ તારીખ : 03/04/23

:: દાદા-દાદી ::
રેખા જયંતીલાલ ગાંગજી દેવજી નાગડા
ગામ : સણોસરા • હાલે : વિરાર

:: નાના-નાની ::
અંજુ રમેશ રતનશી ઉમરશી છેડા
ગામ : મોટા લાયજા • હાલે : નાલાસોપારા


ખુશ્બુ સાગર મારૂ

### ચિ. પાર્શ્રી
It's a Girl
જન્મ તારીખ : 0૨/0૫/૨3

:: દાદા-દાદી ::
પ્રેમીલાબેન તારાચંદ રવજી નેણશી મારૂ
ગામ : દેવપુર • હાલે : ઘાટકોપર

:: નાના-નાની ::
ગુણવંતીબેન ઉમરશી કાનજી મણશી મોતા
ગામ : દેવપુર • હાલે : ભાંડુપ

### ચિ. આર્યવિર
It's A Boy
જન્મ તારીખ : ૨0/04/૨3

:: દાદા-દાદી ::
નીલમ વસંત ગાંગજી કરમશી છેડા
ગામ : કાંડાગરા • હાલે : માટુંગા (સે.રે.)

:: નાના-નાની ::
કલ્પના જયંતીલાલ ગોવિંદજી વાલજી ગાલા
ગામ : કોટડા રોહા • હાલે : બોરીવલી (ઈ.)


અર્પિતા બીનોય છેડા

### ચિ. પ્રાંશ
It's A Boy
જન્મ તારીખ : 0૨/0૫/૨3

:: દાદા-દાદી ::
અ.સૌ. જયશ્રી મહેન્દ્ર ભાણજી માણેક પાસડ
ગામ : શેરડી • હાલે : મુલુંડ

:: નાના-નાની ::
અ.સૌ. પ્રવિણાબેન તારેન્દ્ર વેલજી શીવજી વોરા
ગામ : બિદડા • હાલે : થાણા


ટવીંકલ પ્રણય પાસડ


ભુમી જયકુમાર ધરોડ

### ચિ. કાયરા
It's a Girl
જન્મ તારીખ : ૨૬/04/૨3

:: દાદા-દાદી ::
રેખા કુલચંદ જાધવજી પાસુ ધરોડ
ગામ : કપાયા • હાલે : મલાડ

:: નાના-નાની ::
મીના વિજય ગીરધરલાલ ઠાકરશી ગોહિલ
ગામ : ધોળા • હાલે : મલાડ


શ્રેયા અંકિમ ગડા

### ચિ. નેમાંશ
It's A Boy
જન્મ તારીખ : 07/0૫/૨3


:: દાદા-દાદી ::
તરૂણા (ભારતી) કાંતીલાલ કેશવજી ભારમલ ગડા
ગામ : મોટા લાયજા • હાલે : ડોંબીવલી/બોરીવલી

:: નાના-નાની ::
સુશીલા હરેશભાઈ કાંતીલાલ પ્રેમજી શાહ (ગાલા)
ગામ : ડુમરા • હાલે : ગુલબર્ગા

**:: નોંધ ::**

જન્મ થયેલ નવજાત શિશુ ની જન્મ તારીખથી 30 દિવસની અંદર આ માહિતી ખબર પત્રિકા સમિતિના કાર્યાલયમાં જન્મ દાખલા સાથે આપવાની રહેશે. અથવા ઈમેલ પણ કરી શકો છો. **kvoskp@gmail.com**
(ઈમેલમાં મોબાઈલ નંબર લખવા ફરજીયાત છે.)

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ.... શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ....







**'રેપ્યુટેડ જ્વેલર્સ... ૧૯૬૮ થી મુંબઈમાં'**
**! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.
● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નાયગાંવ ક્રોસ રોડ, સહકાર નગરની સામે, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500 / 24150572.

2/1/1(11) --------- **(N-4344)(4-1)**

**'દહીંસર-મીરારોડ'**

ગોડાઉન માટે જગ્યા જોઈએ છે. ૧૫૦૦૦ ફુટથી ૧૮૦૦૦ ફુટ સુધી મોટી ટ્રક ઉભી રહી શકે. પાકો રોડ. પ્રવિણભાઈ દેઢીયા (ગઢશીશાવાળા) 9820362993.

4/1/1(12) --------- **(B-4343)(4-2)**

**સતત વાળ ઉતરવા, ઉંદરી, જૂ, ડેન્ડ્રફ, માથામાં મસા, ખંજવાળનો ઈલાજ**

તપાસ કેમ્પ : તા. ૫-૬, ૬-૬, ૭-૬, ૮-૬. સોમ, મંગળ, બુધ, ગુરૂ. રજીસ્ટ્રેશન ફી-૨૦૦ રૂા. સ્થળ : દિયા હેલ્થ કેઅર, ત્વચા, નખ, લેઝર, હેઅર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર, ૧૦૨, બિલેશ્વર ટાવર, પહેલા માળે, પાંચ રસ્તા, સંદીપ હોટેલની સામે, મુલુંડ (વે.) સમય : ૧૧-૪. સંપર્ક : ૯૮૨૦૭૪૮૮૪૦.

4/1/1(9) --------- **(B-4352)(4-3)**

**'ફેન્સી હાર્ડવેરના શો રૂમ માટે'**

દહીંસર વેસ્ટ અનુભવી/બીન અનુભવી ભાઈઓ જોઈએ છે. પ્રવિણભાઈ દેઢીયા (ગઢશીશાવાળા) 9820362993.

4/1/1(13) --------- **(B-4342)(4-4)**

**કચ્છ દેવપુર ખટલા ફાર્મની પ્રખ્યાત કેસર કેરી**

ઉચ્ચ ક્વોલીટી, ઓરગેનીક
● ફાર્મથી સીધી તમારા આંગણે.
● ડીલીવરી ઓલ ઓવર મુંબઈ ફ્રી.
● નીરવ ગાલા-9821843000.
● જીગ્ના ગાલા-9833192255.
● જીતુ નિસર-9821192355. ફક્ત મુલુંડ માટે.

4/1/1(10) --------- **(B-4351)(4-5)**

**અંજના પેંડા ! અંજના પેંડા..!!**
**કચ્છની કેસર કેરી, જીયા ગૃહ ઉદ્યોગમાં**

કચ્છના પ્રખ્યાત અંજના ગૃહના દાણાવાળા પેંડા, પ્યોર ઘીના મીની સાટા, ગુલાબ પાક, કચ્છની દરેક ખાવાની આઈટમો દરરોજ ફ્રેશ માલ મળશે. સં. જીયા ગૃહ ઉદ્યોગ, દાદર (વેસ્ટ) 9819472479, 93234722474.

4/1/1(19) --------- **(B-4370)(4-6)**

**કચ્છ દેવપુરની પ્રખ્યાત કેસર કેરી**

ઉચ્ચ ક્વોલીટીની ઓરગેનીક મીઠી મધુર કેસર કેરી મુંબઈમાં રેડી સ્ટોક મળશે. ૧૦ કિ.ગ્રા.નો બોક્સ વિપુલ ગાલા-9870617766, ડીમ્પલ ગાલા-9930475785.

4/1/1(18) --------- **(B-4360)(4-7)**

**ચાલો સ્ટેચ્યુ યુનીટી, મણીલક્ષ્મી, પોઈચા વિ. લક્ઝરી પ્રવાસ તા. ૯-૭ની બુકીંગ ચાલુ છે**

રમણ શેઠીયા સંચાલિત : સ્ટેચ્યુ ઓફ યુનીટી, મણીલક્ષ્મી તીર્થ, નિલકંઠ ધામ પોઈચા તથા અન્ય દિ. ૩ એ.સી. બસ, એ.સી. રૂમો સ્ટેચ્યુમાં ફોર સ્ટાર હોટલ, સ્ટેચ્યુમાં ક્રુઝ, બટરફ્લાય ગાર્ડન, જંગલ સફારી, ગ્લો ગાર્ડન, રીવર રાફ્ટીંગ, બોટીંગ અને સ્ટેચ્યુ યુનીટી-લેઝર શો વિ. ચાર્જ રૂા. ૭૨૫૦. સં. રમણ શેઠીયા-9372971397.

4/1/1(20) --------- **(B-4371)(4-8)**



# સ્નેહના ઝરણારૂપી વાત્સલ્યહૃદયી ગાલા પરિવારના આત્મીય સ્વજનને પાંચમી પુણ્યતિથીએ સ્નેહભરી પુષ્પાંજલિ

કચ્છ રાયણ



મુંબઈ ચૌપાટી

## સ્વ.જીતેન્દ્ર (બાબાભાઈ) લાલજી રામજી ગાલા

**અરિહંતશરણ : તા.૫/૬/૨૦૧૮**

હેત, પ્રિત, આદર અને મમતાથી સૌ સાથે સ્નેહભર્યા સંબંધો જાળવી
સંસાર યાત્રામાં સ્નેહના સૂર સર્જી જીવન સંગીતને મધુરતા બક્ષી ચંદન સમુ જીવન જીવી ગયા.
આપની ખોટ અમને સાલી રહી છે, ને સાલતી રહેશે. આપની યાદ અમને આવી રહી છે, ને આવતી રહેશે.
મોક્ષમાર્ગી આપના ગુણિયલ આત્માને આપની પાંચમી પુણ્યતિથીએ નતમસ્તકે ભાવભીની શ્રધ્ધાંજલિ...

| | | | |
|---|---|---|---|
| માતા-પિતા | : | માતુશ્રી જવેરબેન/તેજબાઈ લાલજી રામજી ગાલા | રાયણ |
| ધર્મપત્ની | : | મંજુલાબેન જીતેન્દ્ર લાલજી ગાલા | રાયણ |
| પુત્ર-પુત્રવધુ | : | મનિષા અને શૈલેન્દ્ર જીતેન્દ્ર ગાલા | રાયણ |
| | | જસ્મીન અને સંજીવ જીતેન્દ્ર ગાલા | રાયણ |
| પૌત્ર-પૌત્રવધુ | : | જૈના અને આદિત્ય સંજીવ ગાલા | રાયણ |
| પૌત્ર-પૌત્રી | : | સિધ્ધાંત શૈલેન્દ્ર ગાલા, માનવ શૈલેન્દ્ર ગાલા | રાયણ |
| | | આયુષી સંજીવ ગાલા | રાયણ |
| બેન-બનેવી | : | કાંતાબેન ડુંગરશી દેઢિયા | નવાવાસ-અમદાવાદ |
| | | કંચનબેન નવીનચંદ્ર પોલડીયા | તલવાણા-અમદાવાદ |
| સાસુ-સસરા | : | માતુશ્રી વિમળાબેન લાલજી શીવજી શાહ | કોડાય |
| વેવાઈ પરિવાર | : | દિવ્યાબેન ભવાનજી વેરશી શાહ | ગુંદાલા |
| | | રમીલાબેન મનહર કેશવજી ગોગરી | પત્રી |
| | | જસ્મીનબેન પરેશ કાંતિલાલ ગડા | કોડાય |

NAVNEET®
નવનીત એજ્યુકેશન લિમિટેડ
અમદાવાદ • મુંબઈ
Email : condolence@navneet.com
INSPIRED BY PERFECTION
ગાલા ઈન્ફ્રા
(CLC-4368)
NEEL PARI - 9322299742

।। શ્રી મુનિસુવ્રત સ્વામીને નમઃ ।।

# શ્રી છેડાનગર જૈન સંઘ

છેડાનગર, ચેમ્બુર (વે.), મુંબઈ – ૪૦૦ ૦૮૯.

## ૯૯ યાત્રા અનુમોદના

ધર્મભાવ ઉરમાં ધરી, દેવ-ગુરૂ-વડિલોના આશિર્વાદથી...
શાશ્વતા મહાતીર્થોમાં શ્રી છેડાનગર જૈન સંઘના બાળકો-શ્રાવિકાઓની
૯૯ યાત્રાની શ્રી સંઘ અંતઃકરણથી અનુમોદના કરે છે...

શ્રી શેત્રુંજય મહાતીર્થ, ડીસેમ્બર-૨૦૨૨ | ગીરનાર મે-૨૦૨૩ | શ્રી શેત્રુંજય મહાતીર્થ, મે-૨૦૨૩



| દમયંતીબેન | ધીરેન | સ્મીતી | સ્પર્શ | બીજલ | તીર્થ | વીર |
|---|---|---|---|---|---|---|
| મહેન્દ્ર દામજી ગોસર (ચિયાસર) | મહેન્દ્ર દામજી ગોસર (ચિયાસર) | કવિતા તુષાર નાનજી ગાલા (મકડા) | બિજલ વિરલ રમેશચંદ્ર ગોસર (વીઢ) | વિરલ રમેશચંદ્ર વીરજી ગોસર (વીઢ) | સોનીયા સુરેશ કલ્યાણજી વિસરીયા (ગઢસીસા) | સોનીયા સુરેશ કલ્યાણજી વિસરીયા (ગઢસીસા) |

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

લી. શ્રી છેડાનગર જૈન સંઘ

(CLB-4268)  UPASANA - 9820167767

---

॥ શ્રી આદિનાથાય નમઃ ॥
॥ શ્રી દાદલ માતાય નમઃ ॥    ॥ શ્રી સરસ્વતીદેવ્યૈ નમઃ ॥
॥ અચલગચ્છ શણગાર આર્ય ગુણ ગુણોદય કલાપ્રભ સુરયે નમઃ ॥

## 'આ કાળમાં 99 કરે તે મહાન' અને 'SSC બોર્ડમાં જવલંત સિધ્ધી'

ડુમરાના ગોસર પરિવાર તથા
શેરડીના પાસડ પરિવારનું **ગૌરવ**

શાશ્વતા સિધ્ધાચલ મહાતીર્થની
ત્રીજી વાર ૯૯ કરનારા...

બાળ વયે 'વર્ધમાન તપનો થડો' 'અઠ્ઠાઈ તપ'
અને 'પંચ પ્રતિક્રમણ કંઠસ્થ' કરનાર

SSC બોર્ડમાં 93.60%



## ચિ. ભવ્ય વૈશાલી જીગર ચંદ્રકાંત ગોસર

ની જવલંત સિધ્ધી બદલ **હાર્દિક અભિનંદન**

જીવનના દરેક તબક્કે ઉત્તરોતર ઉચ્ચ કિર્તીમાન સ્થાપિત કરતા રહો એવા **આશિર્વાદ**

લી.
દાદાણા : **પુષ્પાબેન ચંદ્રકાંત વેલજી લખમશી ગોસર** - ડુમરા
નાનાણા : **જયાબેન લહેરચંદ હીરજી ગોવા પાસડ** - શેરડી

- કાકા-કાકી : (સ્તુતી) નીલમ જીતેન ગોસર - ડુમરા
- ફુઈ-ફુઆ : (નિયતી-વંદન) સીમા અનિલ શાહનંદ - ડુમરા
- મામા-મામી : (ધન્ય) કલ્પના પરેશ પાસડ - શેરડી
- બહેન : પીહુ જીગર ગોસર
- ભાવિ જીજાજી: દર્શીલ દિપક સંઘવી - કોટડી મહાદેવપુરી

અર્હમ ઈન્ટીરીયર્સ ★ શુભમ સુપર સ્ટોર્સ (ઘાટકોપર)

(CLC-4319)  RUJUTA / 98213 30432

---

## ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર

એન્કરવાલા અહિંસાધામ

ઊંચો છે એવરેસ્ટ.. ઊંચી છે પંખીલની સિદ્ધી

## પંખીલ વર્ષા હરીશ છેડા

(બિદડા/બોરીવલી)





તારા બુલંદ હોંસલા અને સોનેરી સફળતાને
અભિનંદન સાથે બિરદાવતા સંસ્થા આનંદની અનુભુતી કરે છે.
જીવનમાં અનેક ઊંચાઈઓને આંબીને
પ્રગતિના યશનામી શિખરો સર કરે એજ શુભેચ્છા...

મેને. ટ્રસ્ટી : શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ (ટોડા)
પ્રમુખ : શ્રી હરેશભાઈ વોરા (ગેલડા)

મુંબઈ સંપર્ક : 97264 75555 / 97264 85555

જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ - શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા (બોરીવલી-ગેલડા)

(CLC-4305)  Ketan Maru 9874887387

॥ પ.પૂ. ગચ્છાધિપતિ શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો ॥
॥ વર્તમાન આચાર્ય શ્રી ભાઈચંદજી મ.સા.ને વંદન ॥

# શ્રી કચ્છ કાંડાગરા આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ

સવંત ૨૦૭૯ ની સાલનું ચાતુર્માસ દેવ ગુરુની કૃપાથી **પ. પૂ. વિમળાબાઈ મહાસતીજી આદી ઠાણા ૪** નું પ્રાપ્ત થયેલ છે. મહાસતીજીનો પ્રવેશ તારીખ ૨૬-૦૬-૨૦૨૩ ના થશે. આ પ્રસંગે સૌ ગામવાસીઓ અને નીયાણી બહેનોને બહોળી સંખ્યામાં પધારવા નમ્ર વિનંતી. ચાતુર્માસ દરમ્યાન તમારી અનુકુળતાએ **સ્થાનિકે જઈ દર્શન-વંદન-વાણીનો લાભ** લેવા વિનંતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાતુર્માસ નિભાવ ફંડ રાખવામાં આવેલ છે. નીચે જણાવેલ નામો ફોન દ્વારા સંપર્ક કરી લખવામાં આવેલ છે. એમાં શરતચૂકથી કોઇનો સંપર્ક ન થયો હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## ચાતુર્માસ નિભાવફંડ, દાતાઓની નામાવલી સં. ૨૦૭૯ (એક આનાના રૂ. ૫,૦૦૦/-)

### બે આના

શ્રીમતી જ્યોતીબેન દુર્ગેશ લાલજી છેડા
શ્રીમતી વિમળાબેન મંગલ શામજી છેડા
શ્રીમતી ભાવના લલીત કુંવરજી છેડા
શ્રીમતી ભારતીબેન મહેન્દ્ર સોજપાર છેડા
હ. હિરેન, કિંજલ મિતેન છેડા
શ્રીમતી મંજુલા હસમુખ બાબુલાલ દેઢિયા
શ્રીમતી શૈફાલી હિતેશ નવિન છેડા
માતુશ્રી હેમલતાબેન નાનજી રાયશી ગાલા
હ. નીતા બિપિન
માતુશ્રી સાકરબેન શીવજી ભવાનજી છેડા
માતુશ્રી ભાણબાઈ રાયશી વેલજી દેઢિયા

માતુશ્રી ચંચળબેન દેવરાજ કચરા ગાલા
માતુશ્રી હિરબાઈ દામજી લધા ગાલા
માતુશ્રી કસ્તુરબેન વિરચંદ રતનશી દેઢિયા
માતુશ્રી રૂક્ષ્મણીબેન દામજી કેશવજી છેડા
માતુશ્રી રતનબેન શીવજી રવજી છેડા
માતુશ્રી જેતબાઈ ગાંગજી કરમશી છેડા
માતુશ્રી અમૃતબેન લખમશી ઉમરશી છેડા
માતુશ્રી ચંચળબેન ખીમજી મેઘજી દેઢિયા
માતુશ્રી પ્રભાબેન શાંતિલાલ રામજી ગાલા
માતુશ્રી ઉમરબાઈ દેવચંદ ઉમરશી ગાલા
માતુશ્રી નાનબાઈ કાનજી વીરજી દેઢિયા

માતુશ્રી હંસાબેન ખીમજી ગાંગજી છેડા
માતુશ્રી મમીબેન ડુંગરશી રતનશી છેડા
હ. મીના હરેશ, જ્યોતી જીતેન્દ્ર
માતુશ્રી ધનવંતીબેન શાંતિલાલ ગાલા (ગેલડા)
માતુશ્રી કુસુમબેન અમૃતલાલ શામજી છેડા
હ. સુપુત્ર જીગર
માતુશ્રી તારાબેન (મણીબાઈ) રામજી છેડા
માતુશ્રી લાડબાઈ માવજી ચના છેડા
માતુશ્રી લક્ષ્મીબેન નાગજી કુંવરજી ગાલા
માતુશ્રી ભાનુબેન મોરારજી નાનજી ગાલા
માતુશ્રી રતનબેન ખીમજી લખમશી ગાલા
શ્રીમાન અનિલ લક્ષ્મીબેન લાલજી દેઢિયા
શ્રી નિરવ પ્રેમીલા પ્રવિણ શીવજી છેડા

### એક આનો

શ્રીમતી લતા કિશોર ખીમજી છેડા
શ્રીમતી નિર્મળા ચંદ્રકાંત હિરા છેડા
શ્રીમતી રસીલાબેન વસનજી ગાંગજી ગાલા
શ્રીમતી કલ્પના લલીત આણંદજી છેડા
શ્રીમતી પલ્લવી દિનેશ મોણશી દેઢિયા
શ્રીમતી ભારતીબેન નવિનચંદ્ર છેડા
શ્રીમતી અરૂણા ભરત વેલજી ગાલા
શ્રીમતી જ્યોત્સના કિશોર લખમશી દેઢિયા
શ્રીમાન એક સદગૃહસ્થ
શ્રીમાન નરેન્દ્ર કેશવજી હીરજી છેડા
શ્રીમાન ચંદ્રકાંત રતનશી છેડા
શ્રીમાન જીવરાજ દામજી રતનશી છેડા
શ્રીમાન નેમચંદ(બબાશેઠ) જીવરાજ વીધુ ગાલા
શ્રીમાન લાલજી રતનશી ગાલા
હ. સુપુત્રો
માતૃશ્રી દમયંતીબેન રામજી ગાલા

માતુશ્રી જેતબાઈ પ્રેમજી ગાંગજી છેડા
હ. સુપુત્ર લક્ષ્મીચંદ
માતૃશ્રી લક્ષ્મીબેન મોહન કાનજી છેડા
માતુશ્રી લક્ષ્મીબેન મુલચંદ ગોગરી
હ. જસ્મીન અશ્વિન, સુપુત્ર કેકીન
માતૃશ્રી સાકરબેન ભવાનજી કુંવરજી છેડા
માતુશ્રી હેમલતા ડુંગરશી મોણશી ગાલા
હ. સ્તુતી ચેતના કીરીટ ગાલા
માતુશ્રી લક્ષ્મીબેન છોટાલાલ ધનજી દેઢિયા
માતુશ્રી મણીબાઈ વસનજી દેવજી દેઢિયા
માતુશ્રી લક્ષ્મીબેન માવજી લખમશી ગોગરી
માતુશ્રી પાનબાઇ હધુ વીરજી દેઢિયા
માતુશ્રી કેશરબેન રતનશી વીરજી દેઢિયા
માતુશ્રી કુંવરબાઈ રામજી ભવાનજી છેડા

માતુશ્રી ઝવેરબેન ગાંગજી આસુ ગાલા
માતુશ્રી સુશીલાબેન શીવજી વિરજી દેઢિયા
માતૃશ્રી પ્રભાબેન માવજી પુનશી ગોગરી
માતુશ્રી રાણબાઈ કાનજી રવજી બોરીચા
હ. સરોજ સુભાષ
માતુશ્રી રંજનાબેન ધીરજ ધનજી દેઢિયા
માતુશ્રી જયાબેન ખેતશી વેરશી સાવલા
માતુશ્રી હેમકુંવર ભવાનજી હંસરાજ પોલડીયા
હ. સુપુત્ર જેઠાલાલ ભવાનજી
માતુશ્રી ચંચળબેન ગાંગજી માણેક દેઢિયા
માતુશ્રી લધીબેન ભવાનજી કચરા ગાલા
માતુશ્રી ગંગાબેન મોરારજી રતનશી છેડા
માતૃશ્રી કંકુબાઈ ખેતશી મેઘજી દેઢિયા
માતુશ્રી વેલબાઈ હીરજી ઉમરશી ગાલા
માતુશ્રી હીરબાઈ વેલજી ઉમરશી ગાલા
માતુશ્રી પાનબાઈ રણશી છેડા

પૂજયશ્રીનો માંગલિક પ્રવેશ ૨૬-૦૬-૨૦૨૩ ને સોમવાર સવારના છે. તે માટે કચ્છ એક્સપ્રેસ દ્વારા સંઘ રૂપે જવાનું ૨૩-૦૬-૨૦૨૩ ના છે. જેમણે પોતાની રીતે ટિકિટો કઢાવી હોય તેમણે પોતાના નામો **હસમુખ દેઢિયા-99877 95588** પાસે ૧૭ જુન સુધી નામ લખાવવા. પર્યુષણ પર્વ તા. ૧૨-૦૯-૨૦૨૩ ના શરૂ થશે. સંઘ રૂપે તા. ૦૯-૦૯-૨૦૨૩ કચ્છ એક્સપ્રેસ દ્વારા જવાનું નક્કી કરવામાં આવ્યું છે. **પર્યુષણ પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિ રાખેલ છે.** હજીપણ પોતાની રીતે ટીકીટ કઢાવી ઉપરોક્ત કાર્યક્રમમાં જોડાઈ શકો છો.

હજી પણ કોઇને ફાળો લખાવવો હોય તો નીચે આપેલા નંબર પર સંપર્ક કરી નામ લખાવવા વિનંતી.
કિશોર દેવરાજ ગાલા - 84336 86072
ટોકરશી દામજી ગાલા - 96191 90007
લહેરચંદ(ધુલો) રાયશી દેઢિયા - 93214 56769

સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર

લિ. ટ્રસ્ટીઓ

લખાવેલ રકમ બાકી હોય તો કિરણ ટ્રેડર્સ-હિંદમાતા અથવા આપ ડાયરેક્ટ બેંક ઑફ બરોડામાં એકાઉન્ટ નં. 90570100000015 માં KUTCH KANDAGARA J. V. O. MOTI S. VASI SANGH નામ લખી ચેક/રોકડા ભરી અથવા NEFT IFSE Code : BARBODBKNDG માં ટ્રાન્સફર કરી તેનો સ્ક્રીન શૉટ લઈ લહેરચંદ(ધુલો) દેઢિયા ને નં. 93214 56769 પર વૉટ્સએપ કરી દેવા વિનંતી.

(*251)

DEV GRAPHICS - 9323 84 2828

## વિદ્યાર્થીની (Student) ગુરૂ - ચેલીને અભિનંદન... ગુરૂ (Teacher)

## ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિના વધામણા...



ચિ. ફોરમ

ચિ. ફોરમ હિતેશ ગોસર
(ડુમરા - વિરાર)
SSC
75.20%

S.S.C. પ્રિલીયમ 50% ફાઈનલ 75.20% ની સફળતા
ફક્ત ૩ મહિનાના ક્રેશકોર્સથી
પથ્થરને પારસમણી બનાવનારા અને
"जहाँ चाह है वहाँ राह है।"
એવા મંત્રબીજ ફોરમના જીવનમાં રોપી...
Nothing is Impossible
સાર્થક કરનારા 'વિધી મીસ' ને ખૂબ ખૂબ
ધન્યવાદ અને અભિનંદન...

S.S.C. માં 75.20% ની સિધ્ધી મેળવી
"પુરૂષાર્થ વડે જ પ્રારબ્ધ બદલી શકાય" એ ઉક્તીને સાર્થક કરનાર
ફોરમને ખૂબ ખૂબ અભિનંદન અને આશિષ



MS. વિધી શાહ
(નાગલપુર - વિરાર)
93070 70175
vidhi.shah_
Congratulations

**શુભાશિષ : દાદી-દાદા : માતુશ્રી કુસુમબેન લક્ષ્મીચંદ ગોસર**
**માતા-પિતા : હેત્વી હિતેશ ગોસર**

(CLC-4350) BINITA S. MARU - 9869034162

---

|| શ્રી ગરવા ગીરીરાજ શ્રી શેત્રુંજય તિર્થાધિરાજ શ્રી આદિનાથને નમો મન: ||

દાદાણા
પત્રી / મુલુંડ

નાનાણા
પત્રી / ડોંબિવલી

તીર્થોમાં મહાતીર્થ એવા શ્રી શાશ્વત તીર્થ,
અકલ્પનીય, અવર્ણનીય, અવિસ્મરણીય, મહામંગળકારી

### શ્રી ગીરીરાજની ૯૯ જાત્રા

જાત્રા સુ-જાત્રા કલ્પ

પગથિયે... પગથિયે... કર્મ નિર્જરા ના પાયા.

સ્વીકારી કષ્ટને, મૂકી તપ માં કાયા, ત્યજી જીભના સ્વાદ,
માંડયા કર્મ નિર્જરા ના પાયા, પગથિયે પગથિયે આત્માના આનંદે,
નિર્વિઘ્ને પૂર્ણ કરી નવ્વાણું જાત્રા,
શાસન દેવી-દેવતા,સાધુ-સાધ્વીજીઓએ, તારી પર આશિષ વરસાવ્યા
સહુ પરિવારજનો ને તે ગર્વ અપાવ્યાં, આજે તારી નવ્વાણું જાત્રાની સિધ્ધિએ,
દાદા-દાદી, નાના-નાની, માત-પિતાની આંખમાં હર્ષ નાં આંસુ છલકાવ્યા,

### ચિ. કેવિન



શ્રી વિશલ માતાજીની અસીમ કૃપાથી,
વડીલોના આશીર્વાદથી શાતાપૂર્વક, જયણાપૂર્વક
શ્રી શેત્રુંજય મહાતીર્થની જાત્રા નિર્વિઘ્ને પરીપૂર્ણ કરેલ છે.

આ સાથે 10th C.B.S.C. બોર્ડમાં 90%
પ્રાપ્ત કરીને શૈક્ષણિક ક્ષેત્રે યશસ્વી સફળતા
સર કરી પરિવારનું નામ રોશન કર્યું છે.
પ્રગતિના પંથે આગળ વધતો રહે એવા શુભાકાંક્ષી

અનુમોદક પરિવાર

દાદા - દાદી : લક્ષ્મીબેન હીરજી ગાલા
નાના - નાની : જયવંતીબેન કલ્યાણજી ગડા
માતા - પિતા : કુંજન વિપુલ ગાલા
ભાઈ : ભદ્રીક વિપુલ ગાલા
મામા - મામી : રૂપાલી તેજસ ગડા
માસા માસી : પાયલ જીજ્ઞેશ ગાલા (કાંડાગરા)
ભાઈ - બહેન : ફલક, તનીશ, મિહીર

Congratulations

(CLC-4374) Ketan Maru 9874887387

---

## ગુંદાલાના નાનાણા પરિવારના દોહિત્ર-દોહિત્રીને શૈક્ષણિક ક્ષેત્રે સિધ્ધિનું અભિવાદન

Congratulations



ચિ. નિધી
અમી મનીષ રાંભીયા (પત્રી)
12th-Board 76%
દાદાણા : રૂક્ષ્મણીબેન દામજી રાંભીયા



ચિ. રૂદ્ર
ભાવિની સંદીપ દાવડા (કોટડા જળોધર)
10th-Board 93%
દાદાણા : હંસાબેન ભગવાનદાસ દાવડા

શિક્ષણ-સંસ્કાર અને આદર-માનને આત્મસાત કરી,
પુરૂષાર્થની પાંખે પ્રાપ્ત કરેલ ભાઈ-બહેનની ઝળહળતી સફળતાથી
હૈયું અમારૂં હરખે છે, હોંઠ ખુશીથી મલકે છે,
હેતભીના અભિનંદન, અવિરત યશસ્વીતાની શુભેચ્છા....

: શુભેચ્છા સહ :
નાનાણા : મીના ચીમનલાલ પ્રેમજી ગડા (ગુંદાલા)
માસા- માસી : અમી મનીષ રાંભીયા (પત્રી)
ભાવીની સંદીપ દાવડા (કોટડા જળોધર)
કવિતા રવી શાહ સણોસરા ભાઈ : પરમ રવી શાહ

(CLC-4323) BINITA MARU - 9869034162

## માનવધર્મ બજાવી હરેકના હૈયા ઠારવાની
## અમને પ્રેરણા દેનારા પ્રેરણામૂર્તિની
# પ્રથમ પુણ્યતિથિ



પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી...
ધર્મ કદી ભૂલ્યા નહી,
વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
સમાજ માટે સંદેશ આપતા ગયા...

**મારા કર્મો જ**
**મારી ઓળખ છે...!**

# સંઘરત્ન શ્રી દામજી જીવરાજ નાગડા

(વરંડી મોટી - હૈદ્રાબાદ)

ધર્મમય...સેવામય જીવનયાત્રા : તા. ૩૦-૬-૧૯૨૯ થી તા. ૫-૬-૨૦૨૨

## પ્રેરણા-બોધ એજ સાચી શ્રદ્ધાંજલી...

**પુત્રવધુ-પુત્ર**
પૂર્ણિમા શશીકાંત નાગડા
હર્ષા વિજય નાગડા

**પુત્રી-જમાઈ**
પ્રભા હેમચંદ શીવજી ગડા (વિંઝાણ)
કાન્તા ડુંગરશી મુરજી ગોસર (વિઢ)
અંજુ ખુશાલ હંસરાજ ગડા (ભોજાય)
ડૉ. ચંદન ડૉ. મચંક રમણીકલાલ મારૂ (હાલાપુર)

**પુત્રવધુ-પુત્રતુલ્ય**
મધુબેન વિશનજી ભવાનજી મારૂ
(ડુમરા)

**પૌત્રવધુ-પૌત્ર :** શ્વેતા મિલિંદ શશીકાંત નાગડા, પ્રાચી રચિત વિજય નાગડા

**સંસ્થાપક : સ્વસ્તિક મસાલા (હૈદ્રાબાદ)**

(CLC-4365)

BINITA S. MARU - 9869034162

SA RE GA MA®
EXCLUSIVE ETHNIC WEAR

સગાઇ, સંગીત સંધ્યા, લગ્ન સમારંભ, બર્થડે પાર્ટી, વિગેરે શુભ પ્રસંગે પાર્ટીવેરમાં આપની ચોઇસ મુજબ નીત-નવી લેટેસ્ટ ડિઝાઇનોમાં આપને શોભે એવા મનગમતા વસ્ત્રોની ખરિદી માટે કચ્છી સમાજનું જાણીતું-માનીતું વિશ્વાસું નામ એટલે...

# સા.રે.ગા.મા. ડિઝાઈનર સ્ટુડિયો

માનવામાં ન આવે એવા ભાવમાં



બીજે ક્યાં પણ ખરીદી કરતાં પહેલા એક વખત સારેગામા ડિઝાઈનર સ્ટુડિયોની મુલાકાત તમારા ફાયદામાં રહેશે...

## કે.ડી. કોર્પોરેશન

**તમારા માપ પ્રમાણે બ્લેઝર સુટ બનાવીને અરજન્ટ મળશે.**

- ★ ક્રોસ પેર્ટનમાં ઈન્ડો વેર્સ્ટન સુટ/ નવાબી સુટ
- ★ ફાઈવ પીસ ડીઝાઈનર બ્લેઝર સુટ
- ★ હેન્ડ વર્ક નો શેરવાની સુટ
- ★ ઈન્ડો વેર્સ્ટન ડીઝાઈનર સુટ
- ★ ઈન્ડો વેર્સ્ટન હેન્ડવર્ક વીથ પેસાવરી
- ★ હેન્ડ વર્ક ચુડીદાર સુટ
- ★ ક્રોસ પેર્ટનમાં ડીઝાઈનર કુરતા સુટ
- ★ ઓફીસ વેઅર બ્લેઝર સુટ
- ★ ફેન્સી સાફા-મોજળી-દુપટ્ટા
- ★ સંગીત સંધ્યા માટે સેમી ઈન્ડો વેર્સ્ટન- નવાબી સુટ
- ★ લીનનમાં હાફ અને શોર્ટ કુરતા

નવું નઝરાણું ક્રોસ પેર્ટનમાં ઈન્ડો-વેસ્ટર્ન અને કુર્તા સુટ, લખનવીમાં કુર્તા સુટ અને ઈન્ડોવેસ્ટનમાં લેટેસ્ટ વેરાયટીઓ મળશે.

લગ્નસરા માટે નવી ડિઝાઇનોમાં લેટેસ્ટ વેરાઇટીઓ જોવા પધારો. રાજનીતી, કુરતાસુટ-જાકીટ ઓર્ડર પ્રમાણે બનાવીને અરજન્ટ મળશે.

મો.૯૬૧૯૦૮૨૪૫૬/૯૮૨૧૨૮૨૪૫૬
દિનેશ ગાંગજી વોરા / કુશલ દિનેશ વોરા (નાંગલપુર)

એફ-૧૧૨/૧૧૩/૧૧૫/૧૧૬, ૧લે માળે દાદર મનીષ માર્કેટ, સેનાપતિ બાપટ માર્ગ, રેલ્વે સ્ટેશનની સામે, દાદર (વેસ્ટ), મુંબઈ-૨૮. ફોન: ૨૪૩૧૨૮૭૫ / ૭૩૦૩૦૮૪૯૪૯ (રવિવાર બંધ)

(CLC-4373)

## Farm Fresh Mangoes Directly From Kutch

### શ્રી રાજેશ્વરી ફાર્મ - મઉ

કેસર કેરીની સીઝન આવી. મધુર રસદાર પ્યોર પ્રાકૃતિક (ઑર્ગેનિક) કેસર કેરી આવી ગઈ છે.
સીઝનમાં અવશ્ય આ પ્રાકૃતિક (ઑર્ગેનિક) કેસર કેરીનો સ્વાદ લઈ તૃપ્ત થઈ જાઓ.
જેમણે મંગાવ્યા છે તેમના જીભે એક યાદગાર સ્વાદ રહી ગયો છે.

KUTCHHI Kesar Mangoes

## કચ્છી કેસર મેંગોસ

National Horticulture Board દ્વારા પ્રમાણીત
Handpicked શ્રેષ્ઠ કવોલીટીના આંબા

**૧૨ નંગની પેકિંગ**

બલ્ક બુકિંગ આવકાર્ય

એરીયાવાઇસ ડિલર આવકાર્ય



સંપર્ક : કેતન મણીલાલ હરીયા (મોટા લાયજા) - 9920478811

વેરશી વેલજી છેડા - સાંતાક્રુઝ (વે) 022-26493537, 9819242401 | સેજલ પારસ શાહ - મુલુંડ 9833386333 | નવીન જીવરાજ ગાલા-સાંગલી 9822014804

(CLC-4366)
NEEL PARI - 9322299742

## MUDRA ACADEMY OF PHOTOGRAPHY (MAP)



### Photography Workshop for Hobbiers & Beginners

Duration : 5 Days, Wed to Sun, 7 to 11 June 2023
Morning & Evening Batches
Duration : 2 Days, Sat & Sun, 10 & 11 June 2023
Location : Mumbai - Andheri & Pune - Narayan Peth

Learn Basics of various Photography Genres like...
Fine Art - Tour & Travel
People & Portrait - Landscape & Cityscape
Nature & Wild Life - Table Top & Product
Wedding & Event, Fashion & Model

Workshop Fee Rs. 2000/-

For Details & Registration
+91 8983010044 & +91 9145739550
Email : mudraarts24@gmail.com
Group Discount Available
(Option for online learning is available)

(CLC-4367)
NEEL PARI - 9322299742

શતાબ્દીના વધામણાં

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ ઈ.સ. ૧૯૨૩ - ૨૦૨૩

૧૦૦ શતાબ્દી વર્ષ

## રાષ્ટ્રભાવના અને ગાંધીજીની મુલાકાત : ભાગ - ૧

શિક્ષણનો વડલો

નિરુપમ છાયા

### રાષ્ટ્રભાવનાનું જાગરણ

જે ભૂમિ પર જન્મ થયો અને એક ચોક્કસ સાંસ્કૃતિક વારસો પ્રાપ્ત થયો હોય એ ભૂમિ સાથે, ત્યાંના લોકો સાથે એક ભાવાત્મક સંબંધ એટલે જ રાષ્ટ્રભાવના. ભૂમિ માટે આદર અને એના પર વસતા લોકો માટે કંઈક કરી છૂટવાની ઇચ્છા થાય એ રાષ્ટ્રભાવનાની અભિવ્યકિત. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી દેશ નિરાશાની ઊંડી ગર્તામાં સરી પડ્યો. એ સમયે સ્વામી વિવેકાનંદે આપણા રાષ્ટ્રના વિસ્મૃત મહાન વારસા અને જ્ઞાનનું દર્શન કરાવી એની મહાનતા વિશ્વ સમક્ષ પ્રગટ કરી ત્યારે લોકો જાણે નિદ્રામાંથી જાગૃત થયા. એ પછી તો કેટલાય વિવિધ ક્ષેત્રના લોકો આગળ આવ્યા અને લોકોને દોર્યા. અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થવાના પ્રયત્નો શરૂ થયા.

### મહાત્મા ગાંધીજીનું ભારત આગમન

એ જ અરસામાં મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ દ્વારા રંગભેદ અને અન્ય ભેદભાવો દૂર કરવા અંગ્રેજોને ફરજ પાડી. આ પ્રયોગે વિશ્વ સમસ્તનું ધ્યાન આકર્ષિત કર્યું. અન્યાય અને અત્યાચારના સામના માટે એક અહિંસક માર્ગ પણ છે એની પ્રતીતિ કરાવી. દક્ષિણ આફ્રિકામાં પોતાનું કામ પૂરું થતાં ગાંધીજી ડિસેમ્બર માસમાં દ. આ.થી નીકળી, તા. ૯ મી જાન્યુઆરી ૧૯૧૫ ના રોજ મુંબઈના એપોલો બંદર પર ઊતર્યા. ધીરે ધીરે મહાત્મા ગાંધીનો દેશમાં પ્રભાવ વધતો ગયો. રાષ્ટ્રનાં દૂષણો અને પ્રવર્તી રહેલા ભેદભાવો, ગરીબાઈ દૂર થાય એ માટે તેમણે અનેકવિધ કાર્યક્રમો આપ્યા સાથે અંગ્રેજોના વિવિધ રીતે થતા અન્યાયો સામે સત્યાગ્રહ પણ શરૂ કર્યા.

### ચારિત્રવિજયજી મહારાજ પર ગાંધીજીનો પ્રભાવ

તેમના આ કાર્યક્રમો અને અંગ્રેજો સામેની લડતમાં જુદી જુદી રીતે અનેક ક્ષેત્રોના લોકો જોડાયા અને કાર્યક્રમોને અપનાવ્યા પણ ખરા. મુંબઈના જૈન સાધુ વિદ્વાન વિચારક ચારિત્રવિજયજી મહારાજ સમાજ અને સંપ્રદાયોના રૂઢિબંધનોની ગુલામીને જરાપણ વશ થયા વિના સ્વતંત્ર વિચારો ધરીને નીડરપણે વિચરતા હતા. ગુજરાતી સાહિત્યમાં નવા યુગના પ્રણેતા નીડર કવિ નર્મદે દાંડિયો નામે પત્રમાં સમાજની કુરૂઢિઓ, વહેમો અને પાખંડની ઝાટકણી કરી, સમાજસુધારણાનો ઝંડો ફરકાવેલ તે રીતે જ પૂ. ચારિત્રબાપા **'સમયધર્મ'** નામના તેમનાં સામયિકમાં જૈન સમાજના ખોટા આડંબરો અને ધર્મનાં નિરર્થક કાર્યોની ઝાટકણી કાઢી સાચા જૈનત્વનો આદર્શ પ્રતિપાદિત કરી બતાવતા. આવા ચારિત્રમુનિને ગાંધીજીના વિચારો આકર્ષે એમાં શી નવાઈ? ગાંધીજીના તેઓ પ્રશંસક બની ગયા. આર્થિક સમસ્યા ઉકેલવા અને લોકોને આત્મનિર્ભર બનાવવા માટે ગાંધીજીએ આપેલો ખાદીનો કાર્યક્રમ તેમને પસંદ પડ્યો. પોતે પણ ખાદી અપનાવી.



ગાંધીજીના દેહવિલયના એક માસ બાદ પાલિતાણાના નામાંકિત ચિત્રકાર હરીન્દ્ર ત્રિવેદી પાસેથી ગાંધીજીનું ફુલ સાઈઝનું એક તૈલચિત્ર તૈયાર કરાવી રત્નાશ્રમના મધ્યસ્થ ખંડમાં મુકવામાં આવેલ છે. ગાંધીજીનું તૈલચિત્ર જોઈને તત્કાલીન સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી ઉચ્છરાંગરાય નવલશંકર ઢેબર (ઢેબરભાઈ) એ આ તૈલચિત્ર ને સૌરાષ્ટ્ર રાજ્યની વિધાનસભામાં મુકવા માટે પૂ. કલ્યાણચંદ્રજી બાપા પાસે માંગણી કરી હતી. પરંતુ એક કલાકારે જે પ્રેમથી આ તૈલચિત્ર પૂ. બાપાને અર્પણ કર્યું હતું તેનો અનાદર ન કરતાં બાપાશ્રીએ સવિનય ઢેબરભાઈને ના કહી હતી. આ તૈલચિત્રની ખુબી એ છે કે આપણેકોઈ પણ દિશામાંથી જોઈએ તો એવું જ લાગે છે કે ગાંધીજી આપણી સામે જ જોઈ રહ્યા છે.

રેંટિયો શાળા



### કલ્યાણચંદ્રજી મહારાજ પર ગાંધીજીનો પ્રભાવ

આપણે જોયું કે સમાન વિચારધારા ધરાવતા મુનિ ચારિત્રવિજયજી મહારાજ અને કચ્છમાં વિચરતા મુનિ કલ્યાણચંદ્રજી મહારાજ અરસપરસ સંપર્કમાં આવ્યા. સમાજ પરિવર્તન માટે શિક્ષણનું માધ્યમ અપનાવ્યું. સોનગઢમાં એક આશ્રમની સ્થાપના કરી. મુનિ કલ્યાણચંદ્રજી પણ યોગ્ય નૂતન વિચારધારાને સ્વીકારવામાં અચકાતા નહીં. તેઓ પણ ગાંધી વિચાર અને કાર્યક્રમોને અનુસરવા લાગ્યા. ઈ.સ. ૧૯૨૦-૨૫ દરમિયાન ગાંધીજીની સત્યાગ્રહની લડતે આખા દેશને આઝાદીનાં સ્વપ્નાંના રંગે રંગી દીધો. કલ્યાણચંદ્રજી પણ એનાથી મુક્ત રહી શક્યા નહીં. એ વખતે એમના દાદાગુરુ વ્રજપાલજી સ્વામી નબળાં સ્વાસ્થ્યને કારણે મુન્દ્રામાં સ્થિરવાસ હતા. કલ્યાણ મુનિ એમની સેવામાં ખડેપગે રહેતા. પણ તક મળતાં જ દલિત વાસમાં નીકળી પડતા. ખાદીનો પ્રચાર કરતા. રેંટિયો તો એ નિયમિત કાંતતા. કેટલાક શ્રાવકોને મુનિની આ પ્રવૃત્તિ ગમતી નહીં. તેઓ વ્રજપાલજી સ્વામી પાસે ફરિયાદ કરતા ત્યારે વ્રજપાલજી મહારાજ કહેતા, 'શું કરું? મારું શરીર ચાલતું નથી, નહીં તો હું પણ એમ જ કરું. તે વખતે કેટલાક કિશોરો પણ ગાંધીજી પાછળ ઘેલા હતા. તેઓ ખાદી પ્રચાર માટે ખાદીના તાકા ખભે ચડાવી મહારાજશ્રીની સાથે ગામેગામ ઘૂમતા. અંજારના શ્રી કાંતિપ્રસાદ અંતાણી, નાનાલાલ ઉપાધ્યાય, જમનાદાસ ગાંધી વગેરે દેશસેવકો કચ્છની જનતાને જાગૃત કરવા મથી રહ્યા હતા તેમને પણ શ્રી કલ્યાણચંદ્રજી મહારાજનો પૂરો સહકાર હતો. આ બધા નેતાઓ સાથેના સંબંધને કારણે જ મુનિશ્રીએ કચ્છી પ્રજાકીય પરિષદના કાર્યમાં પણ રસ લીધો હતો. તે વખતે સામાજિક દરજ્જા અંગે ભેદભાવ બહુ મોટો હતો. એને પરિણામે દલિત લોકો અન્ય કેટલાંક ક્ષેત્રોની જેમ શિક્ષણથી પણ વંચિત રહેતા હતા. મુનિ કલ્યાણચંદ્રજી તો સમાજમાં શિક્ષણ પ્રસારના આગ્રહી અને વળી ગાંધી વિચારના. એમનાથી આ પરિસ્થિતિ કેમ સહન થાય? એથી જ મુન્દ્રામાં એક હરિજનશાળા ખોલવાનો વિચાર તેમના અંતરમાં અહર્નિશ ચાલતો હતો. એવામાં એક દિવસ એમને કાને વાત આવી કે મુન્દ્રામાં એક વખત **'ઈભી વછેરા'**ના ઉપનામથી ઓળખાતો ખોજા જ્ઞાતિનો એક કિશોર મુંબઈ જઈને જાતમહેનતથી મોટો શેઠ બની ગયો છે. એ **શેઠ ઈબ્રાહીમ પ્રધાન** હમણાં જ મુંબઈથી આવેલ છે. કલ્યાણચંદ્રજી મહારાજે આ તક ઝડપી લીધી. એક દિવસ હાથમાં પાત્રાં લઈ એ નવી શેરીમાં રહેતા ઈબ્રાહીમ પ્રધાનને બંગલે પહોંચી ગયા. એક જૈન સાધુને આવી ચડેલા જોઈ, શેઠે કહ્યું, 'મહારાજ તમે ભૂલી ગયા લાગો છો વાણિયાનાં ઘર તો બાજુમાં છે. અમે તો ખોજા છીએ.' 'પણ હું તો તમારે ત્યાં જ વહોરવા આવ્યો છું.' આમ કહીને કલ્યાણચન્દ્રજી મહારાજે **દલિત શાળા માટે ૧૧ હજાર રૂપિયા** માગી લીધા. એ વખતના ૧૧ હજારનું આજે શું મૂલ્ય હોય એ ગણતરી કરવા જેવી છે. ઈબ્રાહીમ શેઠના સહકારથી મુન્દ્રામાં દલિત શાળા શરૂ થઈ ગઈ. ગાંધીજી કચ્છની મુલાકાત દરમિયાન મુન્દ્રા પણ ગયા હતા અને આ શાળાની મુલાકાત લીધી હતી. તેના વિષે તા. ૧૫-૧૧-૧૯૨૫ના નવજીવનના અંકમાં લખ્યું, 'અહીં બાળકોને ખૂબ સાફ રાખવામાં આવે છે. બાળકોને ભાંગ્યા તૂટ્યા ઉચ્ચારવાળા સંસ્કૃતના શ્લોકો પણ ગોખાવ્યા છે. કંતામણ, પીંજામણ લોઢામણ અને વણાટ વગેરે શાળામાં જ થતાં હતાં.' આ માટે તેમણે ઈબ્રાહીમ સાહેબને ધન્યવાદ પણ આપ્યા.

આ જૈન મુનિઓના ગાંધીવિચાર અને કાર્ય માટે કેટલાં ધગશ અને નિષ્ઠા! હવે પછી ગાંધીજીની સોનગઢ મુલાકાતની રસપ્રદ ઘટના વિષે વાત કરીશું.

(CLBL-4357) લિ. કન્વીનર

GALA RINKAL : 9870834031

Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.